**અગ્રતા –૭**

**પ્રસ્તાવના**

**<u>માન. અધ્યક્ષશ્રી,</u>**

સરકારશ્રીના બંદરો અને મત્સ્યોદ્યોગ વિભાગના તા.૧/૨/૧૯૯૬ના ઠરાવથી એક બુથનું વાર્ષિક ભાડું રૂા.૬,૬૬૦/– લેવામાં આવતું હતું. સદરહું ભાડું વર્ષ–૧૯૯૬ના નક્કી થયેલ દર મુજબ હાલના સંજોગોમાં ખુબ જ ઓછું હોય અને ભાડું રીવાઈઝ કરવાની જરૂર જણાયેલ.

**<u>માન. અધ્યક્ષશ્રી,</u>**

રાજયમાં પોરબંદર ખાતે આવેલ મત્સ્ય બંદરોમાં નવીનીકરણની કામગીરી વર્ષ–૨૦૧૮ના અંતમાં પૂર્ણ કરવામાં આવેલ. જેથી પોરબંદર ખાતે આવેલ ઓકશન હોલમાં બૂથ (દૂકાન) મત્સ્યોદ્યોગ સાથે સંકળાયેલ વેપારીઓને ફાળવણી કરવાના થતાં હતાં. જે અન્વયે અત્રેથી તા.૬/૭/૨૦૧૮ના પત્રથી ગુજરાત મેરીટાઈમ બોર્ડ દ્વારા ૨૦૧૨માં બહાર પાડવામાં આવેલ પોર્ટ શીડીયુલ મુજબ પ્રતિ માસ રૂા.૩,૪૫૬/– લેખે ૧૨ માસના કુલ રૂા.૪૧,૪૭૨/– વાર્ષિક ભાડું વસુલવા મુજબના બુથ ફાળવણીના દરોની બહાલી આપવા વિગતવાર દરખાસ્ત સરકારશ્રીમાં કરવામાં આવેલ.

**માન. અધ્યક્ષશ્રી,**

સરકારશ્રી ને આવક થાય તે માટે તા.૧૩/૮/૨૦૧૯ના પત્રથી ઓકશન હોલનું ભાડું નકકી કરવા બાબતે માર્ગ અને મકાન વિભાગ, પોરબંદર કચેરી પાસેથી અભિપ્રાય મેળવી તળિયાની કિંમત ઓક્શન હોલના પ્રતિ એક બુથ દીઠ રૂા.૧૬,૨૦૦/- પ્રતિ માસ ભાડું ગણતરી મુજબ નક્કી થયેલ. અને ઈ-ઓક્શન પધ્ધતિથી બુથ(દુકાનો) ફાળવવા માટે આગળની જરૂરી કાર્યવાહી કરવાનું નક્કી થયેલ.

**માન. અધ્યક્ષશ્રી,**

પોરબંદર મત્સ્યબંદર ખાતે આવેલાં ૬૪ બુથ(દુકાનો) માટે નક્કી કરવામાં આવેલ બેઝ પ્રાઈઝ રૂા.૧૬,૨૦૦/- પ્રતિ માસ ધ્યાને લઈ ઈ ઓક્શન પધ્ધતિથી બુથ(દુકાનો) ફાળવવા માટે જિલ્લા કચેરી દ્ધારા જરૂરી ગાઈડલાઈન્સ તેમજ બોલીઓ અને શરતો નક્કી કરી પ્રથમ ઈ-ઓકશનની માટેની જાહેરાત તા.૦૯/૨/૨૦૨૩ના રોજ પ્રસિદ્ધ કરેલ.

**માન. અધ્યક્ષશ્રી,**

જેમાં પોરબંદરના ઓક્શન હોલ ખાતે આવેલ દુકાનોનીફાળવણી માટે તા.૧૩/૦૩/૨૦૨૩ સુધી અરજી ફોર્મ મંગાવવાની કામગીરી શરૂ હતી તેમજ પોરબંદરના ઓક્શન હોલ ખાતે આવેલ દુકાનોની તા.૧૦/૦૪/૨૦૨૩ થી ફાળવણી કરવાનું આયોજન હતું. પરંતુ પ્રથમ ઈ–ઓકશન માટે જીલ્લા કચેરીને અરજદારો દ્બારા એક પણ અરજી મળેલ ન હતી.

**માન. અધ્યક્ષશ્રી,**

ઓકશન હોલના બુથની ફાળવણી કરવા માટે બીજી વખતના પ્રયત્ન ના ભાગ રૂપે ઈ–ઓકશનની માટેની જાહેરાત તા.૦૨/૦૯/૨૦૨૩ના રોજ પ્રસિદ્ધ કરેલ. પરંતુ બીજા પ્રયત્નમાં પણ અરજદારો દ્બારા એક પણ અરજી કરવામાં આવેલ ન હતી.

**માન. અધ્યક્ષશ્રી,**

આ બાબતે અરજદારો સાથે ચર્ચા કરી તેમની મુશ્કેલીઓ જાણી કે, માછીમારોને અને તેની સાથે સંકળાયેલા ધંધા વાળા અરજદારોને બુથના ભાડાની તળિયાની કિંમત ઊંચી જણાય છે. જે અન્વયે માછીમાર એસોસીએશનની રજુઆત મુજબ ઓક્શન હોલના ભાડાના દર ઘટાડવા અંગે હકારત્મક અભિગમ દાખવી

પોરબંદર ખાતે ઓક્શન હોલ ભાડાના દર ઘટાડવાની બાબત હાલ વિચારણા હેઠળ છે. ઓક્શન હોલના ભાડાના દર ઘટાડવાના અંગે યોગ્ય નિર્ણય કરી આગળની ઘટતી કાર્યવાહી ઝડપથી હાથ ધરવાનું આયોજન કરેલ છે.

## અગ્રતા –૭

**પ્રશ્ન:–** પોરબંદરના ઓકશન હોલ ખાતે કુલ કેટલા બુથની ફાળવણી કરવાની છે? અને

મારો બીજો પ્રશ્ન છે કે, આ ઓકશન હોલ ફાળવવા કઈ પદ્ધતિ અપનાવવામાં આવેલ છે?

**જવાબ:–**

**માન.અધ્યક્ષશ્રી**,

**પ્રસ્તાવના**

ગુજરાત રાજયના જુદા જુદા મત્સ્ય કેન્દ્રો ખાતે મતસ્ય પકડાશ બાદની કામગીરી આરોગ્યપ્રદ સ્થિતિમાં થઈ શકે તે માટે યુરોપીયન યુનિયનના ધારાધોરણો મુજબ ઓકશન હોલો બનાવવાની કામગીરી હાલ અમારી સરકાર દ્વારા હાથ ધરાયેલ છે.

આ બાબતે ખાસ જણાવું તો આવા યુરોપીયન યુનિયનના ધારાધોરણો મુજબના ઓકશન હોલ બનાવવાથી માચ્છીમારોએ પકડાશ કરેલ માછલી ની ગુણવત્તા જળવાય રહેતી હોવાથી નિકાસ માટેની શક્યતાઓ વધે છે તેથી વધુ સારા ભાવ મળે છે અને માછીમારની આવકમાં વધારો થાય તે સરકારનો મુખ્ય ઉદ્દેશ છે.

**માન.સભ્યશ્રીના પ્રશ્નના જવાબમાં જણાવું તો**,

પોરબંદર ખાતે આવેલ કુલ ૬૪ બુથની ફાળવણી કરવાનું આયોજન છે.

**માન.અધ્યક્ષશ્રી**,

**માન.સભ્યશ્રીના બીજા પ્રશ્નના જવાબમાં જણાવું તો**,

બુથની ફાળવણી કરવા તળિયાની કિંમત નક્કી કરી, માછીમારી સાથે સંકળાયેલ  મહતમ લોકો ભાગ લઈ શકે તેમજ સરકારશ્રી ને ઓકશન હોલની જાળવણી અને રાખ–રાખાઉં માટે વ્યાજબી આવક ઉભી થાય તે હેતુ થી ઓન–લાઈન ઈ–ઓક્શન જેવી પારદર્શક પદ્ધતિથી ફાળવણી કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

**અગ્રતા –૭**

**પ્રશ્ન:–** ઓકશન હોલની ફાળવણીની પ્રક્રિયામાં કોણ કોણ ભાગ લઈ શકે ? અને
મારો બીજો પ્રશ્ન છે કે, ઓકશન હોલના બુથોની ફાળવણીથી માછીમારોને શું ફાયદા થાય?

**જવાબ:–**

**માન.અધ્યક્ષશ્રી**,

**માન.સભ્યશ્રીના પહેલા પ્રશ્નના જવાબમાં જણાવું તો**,

- ઓકશનહોલની ફાળવણીની પ્રક્રિયામાં માછીમારી સાથે સંકળાયેલ સ્થાનિક વ્યક્તિ, સ્થાનિક મંડળી અને સ્થાનિક સંસ્થા ભાગ લઈ શકે છે.

**માન.અધ્યક્ષશ્રી**,

**માન.સભ્યશ્રીના બીજા પ્રશ્નના જવાબમાં જણાવું તો**,

ઓકશન હોલ બુથ દ્વારા માછીમારોને થતાં ફાયદા જણાવું તો

- માછીમારો વેપારીઓ સાથે સીધા સંપર્કમાં રહી શકે.
- મત્સ્ય પકડાશ બાદની કામગીરી માટે આરોગ્ય પ્રદ સ્થિતિ ઉભી થાય.
- જેના કારણે મત્સ્ય પકડાશ ગુણવતા સુધરે.
- જેથી માછીમારોને મત્સ્ય પકડાશ માટે વ્યાજબી ભાવો મળી રહે.
- સરવાળે માછીમારોની આવકમાં વધારો થવાથી જીવન ધોરણ ઊંચું આવે.

## અગ્રતા –૭

**પશ્નઃ–** પોરબંદરના ઓકશન હોલની ફાળવણી કરવાની કામગીરી પૂર્ણ ન થવાના શા કારણો છે ? તે બાબતે હાલની સ્થિતિ શું છે?

**જવાબઃ– માન.અધ્યક્ષશ્રી,**

**માન.સભ્યશ્રીના પ્રશ્નના જવાબમાં જણાવું તો,**

પોરબંદર ખાતે આવેલ બુથની ફાળવણી ઈ–ઓકશન પદ્ધતિથી કરવા અરજીઓ મંગાવી લાયકાત ધરાવતા અરજદારો વચ્ચે તા: ૧૦/૦૪/૨૦૨૩ થી ઈ–ઓકશન પ્રક્રિયામાં માર્ગ મકાન વિભાગ દ્ધારા સૂચવેલ તળિયાના ભાડા ગુજરાત મેરીટાઈમ બોર્ડ કરતા ઊંચા હોવાથી લાભાર્થીઓએ ભાગ લીધેલ નહી,

**માન.અધ્યક્ષશ્રી,**

ત્યાર બાદ બીજી વખત તા ૦૨/૦૯/૨૦૨૩ ના રોજ જાહેર નિવિદા પ્રસિધ્ધ કરવામાં આવેલ.

પરંતુ આ નિવિદા અન્વયે જિલ્લા કચેરીને બીજા પ્રયત્ને એક પણ અરજદારની અરજી મળેલ ન હતી. આમ, ઓકશન હોલની ફાળવણી માટે બે વાર પ્રયત્ન કરવા છતાં કોઈ અરજદારો દ્ધારા રસ દાખવેલ નથી.

**માન. અધ્યક્ષશ્રી,**

તેનું કારણ જાણવાનો પ્રયાસ કરતા માલુમ પડેલ કે, ઓકશન હોલના બુથના ભાડાની તળિયાની કિંમત વધારે હોવાથી કોઈ માછીમાર દ્ધારા ઓકશન પ્રક્રિયામાં રસ દાખવેલ નથી.

**માન.અધ્યક્ષશ્રી,**

અરજદારોની માંગણી મુજબ બુથના ભાડાની તળિયાની કિંમત ઘટાડવા અને ગુજરાત મેરી ટાઈમ બોર્ડ દ્ધારા નિયત થયેલ દર મુજબ તળિયાની કિંમત કરવાની બાબત હાલ વિચારણા હેઠળ છે.

**અગ્રતા -૭**

**પ્રશ્ન:-૨** પોરબંદરના ઓકશન હોલ ફાળવવા તળિયાની કિંમત કઈ રીતે નક્કી કરવામાં આવેલ ?

**જવાબ:-**

**માન.અધ્યક્ષશ્રી**,

**માન.સભ્યશ્રીના પ્રશ્નના જવાબમાં જણાવું તો**,

પોરબંદર ખાતે આવેલ બુથની ફાળવણી કરવા તળિયાની કિંમત માર્ગ અને મકાન વિભાગ, પોરબંદર દ્વારા નક્કી કરવામાં આવેલ.

**અગ્રતા –૭**

**પ્રશ્ન:–૫** પોરબંદરના ઓકશન હોલના બુથોની ફાળવણી માટે પ્રયત્નો કરવામાં આવેલ છે કે કેમ?

**જવાબ:–**

**માન.અધ્યક્ષશ્રી**,

**માન.સભ્યશ્રીના પ્રશ્નના જવાબમાં જણાવું તો**,

પોરબંદરના ઓકશન હોલના બુથોની ફાળવણી માટે હાલ સુધી જાહેર નીવિદા પ્રસિદ્ધ કરી ૨(બે) વાર પ્રયત્નો કરવામાં આવેલ છે.

**અગ્રતા -૭**

**પશ્ન:-૬** પોરબંદરના ઓકશન હોલના બુથોની ફાળવણી માટે પ્રયત્નો કરવામાં આવેલ છે કે કેમ?

**જવાબ:-**

**માન.અધ્યક્ષશ્રી**,

**માન.સભ્યશ્રીના પ્રશ્નના જવાબમાં જણાવું તો**,

પોરબંદરના ઓકશન હોલના બુથોની ફાળવણી માટે હાલ સુધી જાહેર નીવિદા પ્રસિદ્ધ કરી ૨(બે) વાર પ્રયત્નો કરવામાં આવેલ છે.